# રાષ્ટ્રીય આવક

## ઉત્પાદન પદ્ધતિથી રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા કોને આપી ?

A. માર્શલ

B. ફિશર

C. પિગુ

D. સેંમ્યુઅલસન

- A.માર્શલ

## અલિપ્ત અર્થતંત્રમાં નીચેનામાંથી કયું ક્ષેત્ર હોતું નથી ?

A. કુટુંબો

B. પેઢીઓ

C. ઉદ્યોગો

D. વિદેશ વેપાર

- D.વિદેશ વેપાર

### રાષ્ટ્રીય આવકની ગણતરીમાં સરકારના કયા ખર્ચાઓ ગણાતા નથી ?

A. ઉત્પાદક

B. બદલા-ચુકવણી

C. શ્રમિકોનું વેતન

D. સંરક્ષણ ખર્ચ

- D.સંરક્ષણ ખર્ચ

### નાણાકીય ખર્ચના ઘટકોની સંખ્યા કેટલી શી ?

A. 4

B. 2

C. 1

D. 10

- A.4

### નીચેનામાંથી કઈ પદ્ધતિ રાષ્ટ્રીય આવક માપનની નથી ?

A. **ઉત્પાદનની પદ્ધતિ**

B. **આવકની પદ્ધતિ**

C. **વેચાણની પદ્ધતિ**

D. **ખર્ચની પદ્ધતિ**

- C.**વેચાણની પદ્ધતિ**

### નીચેનામાંથી કઈ બાબત GNPની ગણતરીમાં લઈ શકાય ?

A. હૉસ્પિટલમાં કરાવવામાં આવેલું ઑપરેશન

B. ગૃહિણીનું ઘરકામ

C. શિક્ષક પોતાના સંતાનને ભણાવે

D. બાથરૂમમાં ગવાતું ગીત

- A.હૉસ્પિટલમાં કરાવવામાં આવેલું ઑપરેશન

### NDPની ગણતરીમાં GDથી શું બાદ કરવામાં આવે છે ?

A. ઘસારો

B. વિદેશમાંથી મળેલ ચોખ્ખી આવક

C. પરોક્ષવેરા

D. સબસિડી

- A.ઘસારો

## રાષ્ટ્રીય આવક એટલે શું ?

- વર્ષ દરમિયાન ઉત્પાદનનાં ચાર સાધનોના ઉપયોગથી મળતી કુલ આવક એ રાષ્ટ્રીય આવક છે.

## અલિપ્ત અર્થતંત્ર કોને કહેવાય ?

- જે અર્થતંત્રમાં સરકાર અને વિદેશ વેપારની કોઈ ભૂમિકા હોતી નથી, તેને અલિપ્ત અર્થતંત્ર કહે છે.

## માથાદીઠ આવક જાણવાનું સૂત્ર આપો.

- માથાદીઠ આવક જાણવાનું સુત્ર નીચે મુજબ છે :
  માથાદીઠ આવક = કુલ રાષ્ટ્રીય આવક / કુલ વસતિ

## શુદ્ધ આંતરિક ઉત્પાદનનો અર્થ આપો.

- વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગસિકો દ્વારા ઉત્પન્ન થતી તૈયાર વસ્તુઓ અને સેવાઓના બજારમુલ્યમાંથી ઘસારો બાદ કરતાં મળતા નાણાકીય મૂલ્યને શુદ્ધ આંતરિક પેદાશ કહેવાય છે.

## બદલા-ચુકવણીઓ શું છે ?

- પેન્શન, બેકારી ભથ્થું, વિધવાઓને સહાય વગેરે જેવા હેરફેરના ખર્ચને બદલા-ચુકવનીઓ કહે છે.

## જૂના મકાનની ખરીદી રાષ્ટ્રીય આવકમાં ગણાય કે નહિ ? શા માટે ?

- જૂના મકાનની ખરીદી રાષ્ટ્રીય આવકમાં ગણાતી નથી, કારણ કે તેમ કરતા બેવડી ગણતરી થાય છે.

## ગૃહિણીના ઘરકામની સેવાનો સમાવેશ રાષ્ટ્રીય આવકમાં કેમ થતો નથી ?

- ગૃહિણીના ઘરકામની સેવાનું નાણાકીય મૂલ્ય માપી શકાતું નથી. તેથી તેનો સમાવેશ રાષ્ટ્રીય આવકમાં થતો નથી.

## આરોપિત ભાડું એટલે શું ?

- પોતાનું મકાન બીજાને ભાડે આપ્યું હોત તો, જે ભાડું મળી શકે તેને આરોપિત ભાડું કહે છે.


## આરોપિત ભાડું એટલે શું ?

- પોતાનું મકાન બીજાને ભાડે આપ્યું હોત તો, જે ભાડું મળી શકે તેને આરોપિત ભાડું કહે છે.

## નાણાકીય રાષ્ટ્રીય આવક કયા ભાવે ગણવામાં આવે છે ?

- નાણાકીય રાષ્ટ્રીય આવક બજારભાવે ગણવામાં આવે છે.

## માથાદીઠ આવક એ દેશના દરેક નાગરિકની આવક નથી. કેવી રીતે ?

- માથાદીઠ આવક વ્યક્તિદીઠ સરેરાશ આવક છે. તેથી તે દેશના દરેક નાગરિકની આવક નથી.

## રાષ્ટ્રીય આવકની માર્શલ અથવા ફિશરની વ્યાખ્યા આપો.

- માર્શલની વ્યાખ્યા : આ વ્યાખ્યા ઉત્પાદનલક્ષી છે.
  "વર્ષ દરમિયાન દેશના શ્રમ અને મૂડીનો કુદરતી સંપત્તિ સાથે સહયોગ કરી જે ભૌતિક અને અભૌતિક વસ્તુઓનું ચોખ્ખુ ઉત્પાદન થાય છે તે રાષ્ટ્રીય આવક છે."
- 

  ફિશરની વ્યાખ્યા : આ વ્યાખ્યા વપરાશલક્ષી છે.
  "વર્ષ દરમિયાન દેશના નાગરિકો જેટલા પ્રમાણમાં વસ્તુઓ અને સેવાઓની પ્રત્યક્ષ વપરાશ કરે છે, તેના પ્રમાણને રાષ્ટ્રીય આવક કહેવામાં આવે છે."

## પ્રો. પિગુ કોને રાષ્ટ્રીય આવક કહે છે ?

- પ્રો. પિગુના મતે, "વિદેશી આવક સહિતની દેશના નાગરિકોની કુલ આવક જે નાણાંની મદદથી સરળતાથી માપી શકાય છે તે રાષ્ટ્રીય આવક છે."
  આ વ્યાખ્યા નાણાંલક્ષી છે.

## રાષ્ટ્રીય આવકની ખર્ચની પદ્ધતિમાં કયા ખર્ચાઓનો સમાવેશ થતો નથી ?

- રાષ્ટ્રીય આવકની ખર્ચની પદ્ધતિમાં નીચેના ખર્ચાઓનો સમાવેશ થતો નથી :
  સેકન્ડ હેન્ડ વસ્તુઓની ખરીદીનો ખર્ચ.
  હેરફેરના ખર્ચા જેવા કે, પેન્શન, બેકારી ભથ્થું, વિધવા સહાય વગેરે.
  શૅર અને બૉન્ડની ખરીદીના ખર્ચા.
  વચગાળાની વપરાશી વસ્તુઓનો ખર્ચ.

## તફાવત આપો.

### GDP અને NDP

| GDP | NDP |
|---|---|
| વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા ઉત્પન્ન થતી તૈયાર વસ્તુઓ અને સેવાઓના બજારમૂલ્યને GDP કહેવાય છે. | વર્ષ દરમિયાન દેશની હદમાં દેશનાં અને વિદેશનાં સાધનો દ્વારા ઉત્પન્ન થતી તેયાર વસ્તુઓ અને સેવાઓના બજારમૂલ્યમાંથી મૂડીસાધનોની ઘસારો બાદ કરતાં જે શેષ વધે તેને NDP કહેવાય છે. |
| મૂડીના ઘસારાનો સમાવેશ GDPમાં થાય છે. | મૂડીના ઘસારાનો સમાવેશ NDPમાં થતો નથી. એટલે કે NDP=GDP-ઘસારો |

## તફાવત આપો.

### GDP અને GNP

| GDP | GNP |
| --- | --- |
| વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા ઉત્પન્ન થતી તૈયાર વસ્તુઓ અને સેવાઓના બજારમૂલ્યને GDP કહેવાય છે. | વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યને GNP કહેવાય છે. |
| GDPમાં મૂડી ઘસારો અને વિદેશી ચોખ્ખી આવકનો સમાવેશ થતો નથી.<br><br>અર્થાત GNP = GDP + વિદેશી ચોખ્ખી આવક | GNPમાં મૂડી ઘસારાનો સમાવેશ થતો નથી, પરંતુ વિદેશી ચોખ્ખી આવકનો સમાવેશ થાય છે.<br><br>અર્થાત NNP = GNP - ઘસારો |

## તફાવત આપો.

### GNP અને NNP

| GNP | NNP |
| --- | --- |
| વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યને GNP કહેવાય છે. | વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યમાંથી ઘસારો બાદ કરતાં જે શેષ વધે તેને NNP કહેવાય છે. |
| GDP માં વિદેશમાંથી મળતી ચોખ્ખી આવક ઉમેરાતાં GDP મળે છે. અર્થાત GNP = GDP + વિદેશી ચોખ્ખી આવક | GNP માંથી મૂડી ઘસારો બાદ કરતાં NNP મળે છે. અર્થાત NNP = GNP – ઘસારો |

## તફાવત આપો.

## અલિપ્ત અર્થતંત્ર અને ખુલ્લુ અર્થતંત્ર

| અલિપ્ત અર્થતંત્ર | ખુલ્લું અર્થતંત્ર |
| --- | --- |
| અલિપ્ત અર્થતંત્રમાં વિદેશ વેપારની કોઈ ભૂમિકા હોતી નથી. | ખુલ્લુ અર્થતંત્ર એવું અર્થતંત્ર છે, જેમાં વિદેશ વેપારની ભૂમિકા હોય છે. |
| અલિપ્ત અર્થતંત્રમાં અન્ય દેશો સાથે આર્થિક વ્યહવારો હોતા નથી. | ખુલ્લા અર્થતંત્રમાં બીજા દેશો સાથે આયાત-નિકાસના સંબંધો હોય છે. |
| અલિપ્ત અર્થતંત્ર સ્વાવલંબી એટલે કે સ્વનિર્ભર હોય છે. | ખુલ્લા અર્થતંત્રમાં અમુક કાર્યો સરકાર કરે છે. |

## રાષ્ટ્રીય આવકની ગણતરીમાં ઉદભવતી સમસ્યાઓની ટુંકમાં સમજૂતી આપો.

- ભારતમાં 1954થી કેન્દ્રીય આંકડાકીય સંગઠન રાષ્ટ્રીય આવકની ગણતરી ચોક્કસાઈપૂર્વક કરે છે. છતાં ગણતરી કરતી વખતે કેટલીક સમસ્યાઓ ઉદ્ભવે છે, જે નીચે મુજબ છે :
- 

  1. બેવડી ગણતરીની સમસ્યા : બેવડી ગણતરીને કારણે રાષ્ટ્રીય આવકનો અંદાજ વધુ મળે છે. તેથી સાચી રાષ્ટ્રીય આવક મળતી નથી. બેવડી ગણતરીની આ સમસ્યા ટાળવી જોઈએ.
  2. સ્વ-વપરાશની સમસ્યા : સ્વ-વપરાશની કેટલીક વસ્તુઓનું અને સેવાઓ બજારમાં વેચાતી નથી. તેથી તેમનું નાણાકીય મૂલ્ય હોતું નથી. પરિણામે રાષ્ટ્રીય આવકનો અંદાજ નીચો મળે છે.
  3. ઘસારાની સમસ્યા : ઉત્પાદનનાં સાધનો તેમના ઉપયોગોને કારણે બિનકાર્યક્ષમ થતાં જાય છે, જે ઘસારો કહેવાય છે, જેનું મૂલ્ય સ્પષ્ટ રીતે ચોક્કસપણે મેળવી શકાતું નથી. પરિણામે મળતી રાષ્ટ્રીય આવક સાચી હોતી નથી.

4. કરટાળો અને કરચોરી સમસ્યા : કટાળો અને કરચોરીની વૃત્તિને કારણે ઉત્પાદકો તથા વેપારીની આવકના સાચા આંકડા મળતા નથી. તેથી રાષ્ટ્રીય આવકનો સાચો અંદાજ મેળવી શકાતો નથી.

5. ગેરકાયદેસર આવકની સમસ્યા : જુદાર, કાળાંબજાર, લૂંટફાટ, દાણચોરી વગેરેની આવક ગ્રાહકોની જરૂરિયાતો સંતોષે છે. છતાં તે રાષ્ટ્રીય આવકમાં ગણાતાં નથી, તેથી રાષ્ટ્રીય આવકનો સાચો અંદાજ મળતો નથી.

6. ચોખ્ખી વિદેશી આવકની સમસ્યા : દેશના નાગરિકોએ વિદેશમાં મેળવેલી આવક અને વિદેશીઓએ આપણા દેશમાંથી મેળવેલી આવકની સંપૂર્ણ અને ચોક્કસ વિગતોના અભાવમાં ચોખ્ખી વિદેશી આવકની ગણતરી થઈ શકતી નથી.

7. હિસાબની સમસ્યા : નિરક્ષરતા, નાના પાયે ઉત્પાદન-વેચાણ, સાટા પદ્ધતિ તેમજ એક કરતાં વધુ વ્યવસાયોમાં રોકાયેલા લોકોને કારણે આવક-ખર્ચના હિસાબોમાં ચોક્કસાઈપૂર્વક થતાં નથી. પરિણામે રાષ્ટ્રીય આવકની ગણતરીમાં મૂશ્કેલી સર્જાય છે.

## નાણાકીય આવક અને વાસ્તવિક આવકના ખ્યાલો સમજાવો.

- નણાકીય આવક : વર્ષ દરમિયાન ઉત્પન્ન થયેલ તમામ વસ્તુઓના ઉત્પાદનને તે વસ્તુઓના બજારભાવો સાથે ગુણતાં જે રાષ્ટ્રીય આવક મળે છે, તેને નાણાકીય રાષ્ટ્રીય આવક કહેવાય છે. નાણાકીય રાષ્ટ્રીય આવક એ વાસ્તવિક આવક નથી. જો કોઈ વર્ષનું ઉત્પાદન સ્થિર હોય અને વસ્તુના ભાવ બમણા થયા હોય, તો ચાલુ વર્ષની નાણાકીય આવક બમણી મળશે જે વાસ્તવિક પરિસ્થિતિ નથી.

  વાસ્તવિક આવક : વર્ષ દરમિયાન ઉત્પન્ન થયેલ તમામ વસ્તુઓના ઉત્પાદનને તે વસ્તુઓના પાયાના ભાવો સાથે ગુણતાં મળતી રાષ્ટ્રીય આવક તે વાસ્તવિક રાષ્ટ્રીય આવક છે.

  વાસ્તવિક આવક એ ઉત્પાદન અને તેની કિંમત બંનેને ધ્યાનમાં લઈ ઉત્પાદનનાં વધારાને લીધે વધતી આવક છે.

  વાસ્તવિક આવક એ દેશની સાચી આર્થિક સ્થિતિ દર્શાવે છે.

## માથાદીઠ આવકનો અર્થ જણાવી તેનું મહત્વ રજુ કરો.

- પ્રો. હિક્સ દ્વારા માથાદીઠ આવકનો ખ્યાલ વિકસાવવામાં આવ્યો છે.
  કોઈ એક વર્ષની રાષ્ટ્રીય આવકને તે વર્ષની વસતિ વડે ભાગતાં જે આવક મળે છે, તેને જે-તે વર્ષની માથાદીઠ આવક કહેવામાં આવે છે.
  માથાદીઠ આવક = કુલ રાષ્ટ્રીય આવક / કુલ વસતિ
  જો માથાદીઠ આવક બજારભાવે રાષ્ટ્રીય આવકથી ગણવામાં આવી હોય, તેને બજારભાવે રાષ્ટ્રીય આવકથી ગણવામાં આવી હોય, તો તેને સ્થિર અભાવે માથાદીઠ આવક કહેવાય છે.
  માથાદીઠ આવક જેમ વધારે તેમ દેશના લોકોનું જીવનધોરણ ઊંચું ગણાય.
  માથાદીઠ આવકનું મહત્વ : માથાદીઠ એ વ્યક્તિદીઠ સરેરાશ આવક છે.
  માથાદીઠ આવક આર્થિક વિકાસનો એક માપદંડ છે. છતાં જો દેશમાં આવકની અસમાનતા વધે, તો આર્થિક વિકાસનો સાચો માપદંડ નથી.
  માથાદીઠ આવકથી દેશના નાગરિકોના જીવનધોરણનો અંદાજ પ્રાપ્ત થઈ શકે છે.
  બે દેશોની પ્રગતિની સરખામણી કરવામાં રાષ્ટ્રીય આવકની સાથે માથાદીઠ આવકનો ઉપયોગ થાય છે.
  જો રાષ્ટ્રીય આવકના વૃદ્ધિદર કરતાં વસતિવૃદ્ધિનો દર ઉંચો હોય, તો માથાદીઠ આવક ઘટે છે.

## ટૂંકનોંધ લખો.

## કાચી આંતરિક પેદાશ :

- **વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા ઉત્પન્ન થતી અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓના બજારમૂલ્યને કાચી આંતરિક પેદાશ કહેવામાં આવે છે. તેને સંકેતમાં GDP વડે દર્શાવવામાં આવે છે.**
  **મહત્વની બાબતો : GDPનો ખ્યાલ દેશની હદ સાથે સંકળાયેલો છે. તેથી દેશના નાગરિકોએ**

વિદેશમાં કરેલું ઉત્પાદન ગણતરીમાં લેવાતું નથી.
GDPમાં દેશ અને વિદેશના નાગરિકોએ દેશની હદમાં ઉત્પન્ન થયેલ અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓને ધ્યાનમાં લેવાય છે, જેમાં કુદરત સર્જિત વસ્તુઓ પણ સમાવિષ્ટ છે.

## ટુંકનોંધ લખો.

## શુદ્ધ આંતરિક પેદાશ :

- વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશનાં સાધનો દ્વારા જે અંતિમ સ્વરૂપની ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે તેના બજારમૂલ્યમાંથી મૂડીસાધનોને લગતા ઘસારા ખર્ચને બાદ કરતાં જે શેષ વધે તેને શુદ્ધ આંતરિક પેદાશ કહેવાય છે. સંકેતમાં શુદ્ધ આંતરિક પેદાશને NDP દ્વારા દર્શાવાય છે.
- NDP = GDP – ઘસારો

## ટુંકનોંધ લખો.

## કાચી રાષ્ટ્રીય પેદાશ

- વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલ વસ્તુઓ અને સેવાઓના કુલ નાણાકીય મૂલ્યને કાચી રાષ્ટ્રીય પેદાશ કહેવાય છે. તેને સંકેતમાં GNP વડે દર્શાવાય છે.
  મહત્વની બાબતો : દેશના નાગરિકોએ દેશમાં અને વિદેશમાં ઉત્પન્ન કરેલ વસ્તુઓનું સમગ્ર ઉત્પાદન GNPમાં ગણાય છે.
  GNPમાં ચાલુ વર્ષના ઉત્પાદનનું મૂલ્ય ગણાય છે.
  GDPમાં વિદેશ રહેતા દેશના નાગરિકોની આવક ઉમેરતા અને આપણા દેશમાં રહેતા

વિદેશી નાગરિકોની આવક બાદ કરવામાં આવે, તો GNP મળે છે.
અર્થાત GNP = GDP + વિદેશી ચોખ્ખી આવક
જ્યાં, વિદેશી ચોખ્ખી આવક = વિદેશમાં થતી આવક – વિદેશને થતી ચુકવણી

## ટૂંકનોંધ લખો.


## કાચી રાષ્ટ્રીય પેદાશ

- વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલ વસ્તુઓ અને સેવાઓના કુલ નાણાકીય મૂલ્યને કાચી રાષ્ટ્રીય પેદાશ કહેવાય છે. તેને સંકેતમાં GNP વડે દર્શાવાય છે.
  મહત્વની બાબતો : દેશના નાગરિકોએ દેશમાં અને વિદેશમાં ઉત્પન્ન કરેલ વસ્તુઓનું સમગ્ર ઉત્પાદન GNPમાં ગણાય છે.
  GNPમાં ચાલુ વર્ષના ઉત્પાદનનું મૂલ્ય ગણાય છે.
  GDPમાં વિદેશ રહેતા દેશના નાગરિકોની આવક ઉમેરતા અને આપણા દેશમાં રહેતા વિદેશી નાગરિકોની આવક બાદ કરવામાં આવે, તો GNP મળે છે.
  અર્થાત GNP = GDP + વિદેશી ચોખ્ખી આવક
  જ્યાં, વિદેશી ચોખ્ખી આવક = વિદેશમાં થતી આવક – વિદેશને થતી ચુકવણી

## અલિપ્ત અર્થતંત્રમાં રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ આકૃતિ દ્વારા દર્શાવો.

- અલિપ્ત અર્થતંત્ર એવું અર્થતંત્ર છે, જેમાં વિદેશ વેપારની કોઈ ભૂમિકા હોતી નથી. દેશમાંથી વસ્તુ, સેવા કે સાધનોની નિકાસ કે વિદેશમાંથી આયાત થતી નથી. અલિપ્ત અર્થતંત્ર સ્વ-નિર્ભર હોય છે. રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ સમજવા અર્થતંત્રને બે વિશાળ ક્ષેત્રોમાં વહેંચવામાં આવે છે : (1) ધંધાદારી પેઢીઓ અને (2) સાધનના માલિકો એટલે કુટુંબો.

પેઢીઓ ઉત્પાદન માટે જરૂરી સાધનો જમીન, મૂડી, શ્રમ કુટુંબો પાસેથી ખરીદી ભાડું, વેતન, વ્યાજ, નફારૂપે વળતર ચૂકવે છે. આમ, પ્રથમ નાણાંનો પ્રવાહ પેઢીઓ તરફથી કુટુંબો તરફ આવે છે. પેઢીઓ જે ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે તેને વેચાણ માટે બજારમાં મૂકે છે. બજારમાંથી કુટુંબ આ ચીજવસ્તુઓ અને સેવાઓ ખરીદી પેઢીઓને નાણાં ચૂકવે છે. આમ, નાણાંનો પ્રવાહ કુટુંબોમાંથી ફરી પાછો પેઢીઓ તરફ આવે છે.




આ નાણાંનો ઉપયોગ કરી પેઢીઓ સાધનો ખરીદી ફરીથી ઉત્પાદન કરી કુટુંબોને ચૂકવણી કરે છે અને કુટુંબો વસ્તુઓ અને સેવાઓની બજારમાંથી ખરીદી કરી પેઢીઓને ચૂકવણી કરે છે. પેઢીઓથી કુટુંબો તરફ અને કુટુંબોથી પેઢીઓ તરફ સતત વહેતા રહેતા નાણાંના આ પ્રવાહને રાષ્ટ્રીય આવકનો ચક્રાકાર પ્રવાહ કહેવામાં આવે છે, જે અર્થતંત્રને સતત ધબકતું રાખે છે.

## રાષ્ટ્રીય આવક માપવાની ઉત્પાદન પદ્ધતિ સમજાવો.

- રાષ્ટ્રીય આવક માપવાની આ પદ્ધતિ પ્રો. માર્શલે આપેલી રાષ્ટ્રીય આવકની વ્યાખ્યા પરથી વિકસાવવામાં આવી છે.

  આ પદ્ધતિ મુજબ, "વર્ષ દરમિયાન દેશમાં ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલ અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનનું કુલ નાણાકીય મૂલ્ય મેળવી રાષ્ટ્રીય આવક

માપવામાં આવે છે.”

આ પદ્ધતિની મહત્વની બાબતો :

1. અર્થતંત્રને ખેતી, ઉદ્યોગ, ખાણ, બાંધકામ, વેપારવાણિજ્ય, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, બૅન્કિંગ, શિક્ષણ તેમજ અન્ય સેવાઓ જેવાં અનેક ક્ષેત્રોમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

2. અર્થતત્રનાં જુદા જુદા ક્ષેત્રોમાં ઉત્પન્ન થતી માત્ર અંતિમ વપરાશની અને સેવાઓને ગણવામાં આવે છે. વચગાળાના ઉપયોગની વસ્તુઓ ગણવામાં આવતી નથી.

3. ગૃહિણીના ઘરકામની સેવાઓ તથા તેના જેવી અન્ય સેવાઓ જે બજારમાં વેચાતી નથી અને તેનું નાણાકીય મૂલ્ય હોતું નથી, તેથી તે રાષ્ટ્રીય આવકમાં ગણાતી નથી.

4. સ્વ-વપરાશની વસ્તુઓનું નાણાકીય મૂલ્ય આંકી શકાતું નથી. તેથી તે રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવાતી નથી. પરંતુ અપવાદ તરીકે ભારતમાં ખેડુતે સ્વ-વપરાશ માટે રાખેલું અનાજ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવાય છે.

5. સંરક્ષણ તેમજ પોલિસની સેવાઓ બજારમાં વેચાતી નથી, છતાં ભારતમાં તેને રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવાય છે.

6. પોતાના મકાનને જે ભાડું મળી શકત તે આરોપિત ભાડાનું મૂલ્ય રાષ્ટ્રીય આવકમાં ગણાય છે.

7. માત્ર અંતિમ વસ્તુઓનું મુલ્ય ધ્યાનમાં લઈ બેવડી ગણતરી ટાળવામાં આવે છે. જેમ કે, તૈયાર સુતરાઉ કાપડમાં રૂનું મૂલ્ય સમાયેલું છે. તેથી તૈયાર કાપડના મૂલ્યને જ ગણતરીમાં લેવાય છે.

8. ઉત્પાદનના જુદા જુદા તબક્કાઓમાં વસ્તુનું નાણાકીય મૂલ્ય વધે છે. મૂલ્યના વધારાને અલગ તારવી કુલ મૂલ્ય વધારો રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવામાં આવે, તો બેવડી ગણતરી થતી નથી. જેમ કે, તૈયાર સુતરાઉ કાપડના ત્રણ તબક્કા રૂ, સૂતર અને કાપડ છે. તેથી રૂનું મૂલ્ય ત્રણ વાર ગણાય છે. જો રૂ! 100ના રૂ માંથી રૂ! 100નું સૂતર અને રૂ! 100ના સૂતરમાંથી રૂ! 80નું કાપડ તૈયાર થતું હોય, તો મુલ્ય વધારો રૂ! (100 + 100 + 80) 280 ગણાય આ મૂલ્ય વધારો ગણતરીમાં લઈએ તો બેવડી ગણતરી થતી નથી.

9. વસ્તુની બજારકિંમત પરોક્ષવેરો સમાયેલા હોવાથી રાષ્ટ્રીય પેદાશ જાણવા સરકારી કરવેરા બાદ કરવામાં આવે છે અને સરકારી સબસિડીઓ ઉમેરવામાં આવે છે.

10. વસ્તુનું પુનઃવેચાણ મૂલ્ય રાષ્ટ્રીય પેદાશોમાં ગણાતું નથી.

11. ઉત્પાદન-પ્રક્રિયા દરમિયાન મૂડી સાધનોનો ઘસારો બાદ કરી રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે છે.

12. રાષ્ટ્રીય પેદાશમાં નિકાસ મૂલ્ય ઉમેરવામાં આવે છે અને આયાત મૂલ્ય બાદ કરવામાં આવે છે.

13. રાષ્ટ્રીય પેદાશમાં દાણચોરી કે ગેરકાયદેસર વસ્તુનું મૂલ્ય ગણતરીમાં લેવાતું નથી.

## બેવડી ગણતરીનો અર્થ સમજાવી બેવડી ગણતરી દૂર કરવાના ઉપાયો ચર્ચો ?

- જ્યારે રાષ્ટ્રીય આવક-પેદાશની ગણતરીમાં કોઈ એક વસ્તુનું મૂલ્ય એક કરતાં વધારે વખત ગણવામાં આવે ત્યારે તે બેવડી ગણતરી કહેવાય છે.
  બેવડી ગણતરીને કારણે રાષ્ટ્રીય આવક કૃત્રિમ રીતે ઊંચી આવે છે. તેથી ઉત્પાદનની રીતે રાષ્ટ્રીય પેદાશની ગણતરી કરતી વખતે આવી બેવડી ગણતરીથી બચવું જોઈએ. જો રાષ્ટ્રીય આવક-પેદાશની ગણતરી વર્ષ દરમિયાન ઉત્પન્ન થયેલ લોખંડ અને તેમાંથી બનેલ યંત્રો એમ બંને વસ્તુઓનું નાણાકીય મૂલ્ય ગણવામાં આવે, તો તે બેવડી ગણતરી છે કારણ કે, યંત્રોના મૂલ્યમાં લોખંડનું મૂલ્ય સમાયેલું છે.
  બેવડી ગણતરી નીચેની રીતે દૂર કરી શકાય છે :
  (1) અંતિમ વસ્તુનું મૂલ્ય ગણીને : અંતિમ વસ્તુના નાણાકીય મૂલ્યને જ ગણવામાં આવે.
  (2) મૂલ્યવૃદ્ધિ ગણીને : ઉત્પાદનના જુદા જુદા તબક્કામાં વસ્તુનું નાણાકીય મૂલ્ય વધે છે. આવું મૂલ્ય જુદું તારવીને તેના સરવાળાને વસ્તુનું નાણાકીય મૂલ્ય લેવામાં આવે.
  મૂલ્યવૃદ્ધિની પદ્ધતિ ઉદાહરણની મદદથી સ્પષ્ટ કરીએ :

| ઉત્પાદનના તબક્કા | વેચાણ આવક (રૂ! માં) | સાધન ખર્ચ (રૂ! માં) | મૂલ્ય વૃદ્ધિ (રૂ! માં) |
|---|---|---|---|
| લોખંડ | 1000 | 0 | 1000 |
| યંત્રસામગ્રી | 2000 | 1000 | 1000 |
| યંત્ર | 2500 | 2000 | 500 |
| કુલ | 5500 | 3000 | 2500 |

એક કારખાનામાં રૂ! 1000નું લોખંડ ખરીદવામાં આવે તેમાંથી રૂ! 2000ની યંત્રસામગ્રી બને અને રૂ! 2000ની યંત્રસામગ્રીમાંથી રૂ! 2500નું યંત્ર બને છે. તેથી રાષ્ટ્રીય પેદાશમાં રૂ! (1000 + 2000 + 2500 =) 5500નું મૂલ્ય ગણવામાં આવે તો બેવડી ગણતરી થાય છે. કારણ કે, લેખંડ એ યંત્ર સામગ્રી અને યંત્ર બંનેમાં સમાયેલું છે. પરિણામે લોખંડનું મૂલ્ય ત્રણ વાર ગણાય છે. આમ, ગણતરી બેવડાય છે, પરંતુ જો તબક્કાવાર મૂલ્ય

ગણવામાં આવે, તો રૂ! 1000 લોખંડ + રૂ! 1000 યંત્રસામગ્રી + રૂ! 500 યંત્ર એમ કુલ રૂ! 2500નો મૂલ્ય વધારો રાષ્ટ્રીય પેદાશની ગણતરીમાં ધ્યનમાં લઈએ તો બેવડી ગણતરી થતી નથી.
ઉપરના ઉદાહરણમાં યંત્રના ઉત્પાદનમાં વપરાયેલ સાધન ખર્ચ શૂન્ય બતાવ્યું છે, કારણ કે લોખંડ જે અગાઉના વર્ષની રાષ્ટ્રીય પેદાશમાં ગણતરીમાં લેવાયેલું છે.